



અલ્લાહના નામથી જે મહેરબાન, બહુજ રહેમ કરવાવાળો છે!

વિશ્વભરમાં, મદરેસા ની ટીમો અને શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો નવા એકેડેમિક વર્ષ અથવા નવા ટર્મની શરૂઆત માટે તૈયારી કરી રહ્યા છે!




ધ વર્લ્ડ ફેડરેશનના મદરેસા સેન્ટર ઓફ એક્સેલન્સ (MCE) વતી, અમે અમારા તમામ પ્રાદેશિક ભાગીદારો, દરેક મદરેસાના સભ્યો, મેનેજમેન્ટ અને એડમિન ટીમો, શિક્ષકો અને તમામ સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છીએ. અલ્લાહ તમને તેમના કરમ અને દયાથી તવફિક આપતા રહે, ઇન્શાઅલ્લાહ.

# ધ તરબિયા ડિજિટલ પ્લેટફોર્મ

MCE માં અમારો લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મદારીસ પાસે એવી સગવડ ઉપલબ્ધ હોઈ જેનાથી શિક્ષકો અને વિધાર્થીઓ મદરેસામાં સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે.

અમારા વપરાશકર્તાઓ ના ફીડબેક અને સૂચનો ના આધારે, અમે તરબિયા ડિજિટલ પોર્ટલને અપડેટ કરી રહ્યા છે અને નવા ફીચર્સ નિયમિતપણે વિકસાવવામાં આવી રહી છે,

પોર્ટલની વિશેષતાઓ:
- આધુનિક, વૉઇસ ઓવર્સ સાથે ડિજિટાઇઝ્ડ તરબિયા અને કુરાનની ૧૦૦૦ આયતોની રેકોર્ડિંગ જે તરબિયા અભ્યાસક્રમનો ભાગ છે
- વિધાર્થીઓની એકેડેમિક રિપોર્ટનું ઊંડાણપૂર્વક ટ્રેકિંગ
- શીખવવામાં આવેલા પાઠનું ટ્રેકિંગ
- મદરેસા નું એક વ્યાપક એડમિન પોર્ટ
- એકેડેમિક રિપોર્ટ્સ ને બનાવું
- નવા એકેડેમિક વર્ષો માટે અપડેટસ
- પાઠને લૉક અને અનલૉક કરવાની સુવિધા અને ઘણું બધું

વધુ માહિતી માટે કૃપા mce@world-federation.org પર ઇમેઇલ કરો

# તરબિયા માટે તાલીમ

અમારા વિધાર્થીઓની ઇસ્લામિક એડયુકેશનને મહત્તમ અને શ્રેષ્ઠ બનાવવા માટે, MCE તરબિયાહ માટે તાલીમ રજૂ કરવા માટે ઉત્સાહિત છે.

- તરબિયાહ માટે તાલીમ ફ્રેમવર્ક શિક્ષકો અને માતાપિતાને કેટલાક કાર્યાત્મક પરિણામોની સૂચિ આપવા માટે રચાયેલ છે. માતા-પિતા વર્ષ દરમિયાન ઘરેથી કોઈપણ પાઠના અંગે માર્ગદર્શન તરીકે તેનો ઉપયોગ કરી શકે છે.

- તરબિયાહ માટે તાલીમ ફ્રેમવર્ક વર્ષ દરમિયાન આવરી લેવામાં આવતી પાઠનું સૂચક નથી, બલ્કે તે એક સંગ્રહ છે જેનો વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા અને તેને યાદ રાખવાથી ફાયદો થશે.
- શિક્ષકોએ MCE ના મુજબ તરબિયા અભ્યાસક્રમ શીખવવાનું ચાલુ રાખવું જોઈએ. એકેડેમિક વર્ષની શરૂઆતમાં માતાપિતા સાથે ફ્રેમવર્ક શેર કરવું જોઈએ, જેથી તેઓ તેમના બાળકો સાથે તેમને લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે. ખાસ કરીને નાના બાળકો માટે, મજા અને રમતના સ્વરૂપમાં પ્રેમ સાથે શીખવવું જોઈએ.

તરબિયાહ માટે તલીમને ઍક્સેસ કરવા માટે કૃપા કરીને નીચેની લિંક પર ક્લિક કરો:

**તરબિયાહ માટે તલીમ**

વધુ સમજવા માટે અથવા જો તમને તરબિયાહ માટે તલીમ વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને mce@world-federation.org પર અમને ઇમેઇલ કરો

## આફ્રિકા નો પ્રવાસ

ઝૂલેખાબાઈ હિરજી - MCE ના વડા, આફ્રિકાની કેટલાક મદારીસઓના વરિષ્ઠ સભ્યોને મળવાની તક મળી.



## હુસૈની મદરેસા, દાર અસ સલામ

ઝુલેખાબાઈએ "ચેટ અને ચાય" પર ટીમના સભ્યો તેમજ મદરેસાના શિક્ષકો સાથે મુલાકાત કરી.



## હૈદરી મદરેસા, નાઈરોબી

નાઈરોબીમાં અમને ટીમના સભ્યો સાથે એક અદ્ભુત મીટિંગ કરી.



## AKSIAM જમાતના મદારીસ

૩૧મી ઓગસ્ટ શનિવારના રોજ, AFTABના માનનીય સેક્રેટરી જનરલ, ફાતેમા ચંદુ સાથે, ઝુલેખાબાઈએ આદરણીય શુયુખ, વરિષ્ઠ ટીમના સભ્યો અને એન્ટાનાનારિવોમાં AKSIAM (એસોસિએશન ખોજા શિયા ઇશના આશેર ડી મડાગાસ્કર) જમાતના મદારીસના શિક્ષકો સાથે મુલાકાત કરી.

આ એક ખૂબ જ લાભદાયક મીટિંગ હતી જ્યાં મદારીસઓ દ્વારા ફીડબેક શેર કરવામાં આવ્યો હતો અને કેવી રીતે આગળ વધવું તે અંગે એક યોજના પર સહમતિ બની હતી.

AFTAB તરબિયાહ કરીક્યુલમ ટ્રેનિંગ ટીમના સભ્યો શિક્ષકોને ટ્રેનિંગ આપવા માટે એન્ટાનાનારિવો, મડાગાસ્કર ગયા કારણ કે તેઓ આ એકેડેમિક વર્ષમાં તેમના વિધાર્થીઓ અને શિક્ષકો માટે બેન્ડ A અને B નું પાયલટ પ્રોજેક્ટ કરે છે. આ ટ્રેનિંગ રવિવાર ૧૫મી  સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ યોજાઈ હતી અને તેને ખૂબ જ સારી રીતે પ્રતિસાદ મળ્યો હતો, અલહમદુલિલ્લાહ.



## AKSIAM ટીમ સાથે મીટિંગ - ૨જી સપ્ટેમ્બર

સોમવાર ૨જી સપ્ટેમ્બરના રોજ, ઝુલેખાબાઈને AKSIAM ના પ્રમુખ, અલ્હાજ ઇસ્માઇલ ફરિદ, આદરણીય શેખ હનીફ અને ટીમ ના સભ્યોને મળવાનું સન્માન મળ્યું હતું, જેમાં MCE તરબિયા અભ્યાસક્રમ તેમજ અધિક શૈક્ષણિક સંબંધિત બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

---

અમે અમારા વૈશ્વિક MCE પરિવાર ના નવા વર્ષ/ટર્મની સફળતા માટે દુઆ કરીએ છીએ ઇન્શાઅલ્લાહ!

પ્રશ્નો, અથવા તરબિયા અભ્યાસક્રમ, અમારા ટ્રેનિંગ પ્રોગ્રામો વિશે અથવા કોઈપણ મદદ માટે અમને mce@world-federation.org પર ઇમેઇલ કરો.

તમારી સેવામાં!